# ખંભાત નગરપાલિકા,ખંભાત

## એજન્ડા નોટીસ

તારીખ.૦૬-૦૨-૨૦૨૫ ને ગુરૂવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે મ્યુની.કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની રાબેતા મુજબની સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોના એજન્ડા.

(૧) તારીખ.૨૬-૧૧-૨૦૨૪ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત / અવસાન થતા હોવાથી મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી રસિકલાલ બાબુભાઈ હરિજન | નિવૃત્ત તારીખ.૩૧-૦૧-૨૦૨૫ |
| (૨) | શ્રી જયંતીભાઈ મગનભાઈ હરિજન | નિવૃત્ત તારીખ.૩૧-૦૩-૨૦૨૫ |

(૩) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ડી) હેઠળ કરેલ પ્રમુખશ્રી ઠરાવ નંબર. ૨૪ તારીખ.૩૧-૧૨-૨૦૨૪ થી પ્રમુખશ્રી ઠરાવ નંબર.૨૫ તારીખ.૦૭-૦૧-૨૦૨૫ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૪) સેનીટેશન કમીટી કમીટી ઠરાવ નંબર.૧૮ તારીખ.૨૪-૧૨-૨૦૨૪ થી ઠરાવ નંબર.૨૧ તારીખ.૩૧-૧૨-૨૦૨૪ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૫) પબ્લીક વર્કસ કમીટી કમીટી ઠરાવ નંબર.૨૫ તારીખ.૩૧-૧૨-૨૦૨૪ થી ઠરાવ નંબર.૩૦ તારીખ.૦૭-૦૧-૨૦૨૫ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૬) વોટર વર્કસ કમીટી કમીટી ઠરાવ નંબર.૦૫ તારીખ.૩૧-૧૨-૨૦૨૪ નો ઠરાવ મંજુર કરવા બાબત.

(૭) ગાર્ડન કમીટી કમીટી ઠરાવ નંબર.૦૧ તારીખ.૩૧-૧૨-૨૦૨૪ નો ઠરાવ મંજુર કરવા બાબત.

(૮) લાઈટ કમીટી કમીટી ઠરાવ નંબર.૦૧ તારીખ.૧૮-૧૦-૨૦૨૪ થી ઠરાવ નંબર.૦૫ તારીખ. ૩૧-૧૨-૨૦૨૪ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૯) ગુજરાત મ્યુનિ.એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર.૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ.૦૧-૧૦-૨૦૨૪ થી તારીખ.૩૧-૧૨-૨૦૨૪ સુધીના ત્રિમાસિક હિસાબો મંજુર કરવા બાબત.

(૧૦) ખંભાત નગરપાલિકાના શોપીંગ સેન્ટરો ની દુકાનમાં લાયસન્સદારોનું નામ વારસાઈ થી ટ્રાન્સફર / દુકાનમાં લાયસન્સદારોનું નામ ટ્રાન્સફર કરવાની અરજી નંબર.૦૧ થી અરજી નંબર.૧૫ સુધી અરજીઓ મંજુર કરવા બાબત.

(૧૧) ખંભાત કસ્બાના રેવન્યુ સર્વે નંબર ૪૧૭,૪૨૬તથા ૪૩૦ પૈકી કતકપુર વસવાટ યોજના ગૃપ-અ માં આવેલ પ્લોટ નંબર ૪૦૯ માં વારસાઈ થી પ્લોટમાં નામ ટ્રાન્સફર કરવા બાબત.

(૧૨) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૧૫,૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મિલકતો ની નામ ટ્રાન્સફર અંગેની ખંભાત નગરપાલિકામાં આવેલ અરજીઓનો ક્રમ નંબર.૦૧ થી ૮૭ સુધીની અરજીઓ ટેક્ષ વિભાગમાં આવેલ છે. જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહું અરજીઓ મુજબની તમામ મિલકતો નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવા બાબત તથા તે માટે ચીફ ઓફિસરશ્રી ને અધિકૃત કરવા બાબત.

Scanned with OKEN Scanner

(૧૩) ખંભાત શહેરની ખાનગી મિલકતો જે નવી આકરણી,એકત્ર,ભાગ પાડવા,મિલકતની ફેર આકારણી, નામ શેષ(ખંડેર) અને ખુલ્લી જગ્યા કરવા, ખુલ્લા પ્લોટની આકારણી, બાંધકામ વર્ષમાં સુધારો, મિલકતના માપમાં સુધારો, ભાડુઆત નામ દાખલ અને કમી કરવા, રહેણાંક વેરો કરવા, ધંધાકીય(બિન રહેણાંક) નંબર પાડવા, સીટી સર્વે નંબરમાં સુધારો, પાણીવેરો, ગટરવેરો રદ કરવા આવેલ અરજી નંબર.૦૧ થી ૧૦ સુધીની અરજીઓ ની ઝોનલ મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ કરાવીને ટેક્ષ વિભાગ મારફતે રજુ થયેલ સદરહું અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકરણી રજીસ્ટરે તથા ડિમાન્ડ રજીસ્ટરેમાં સુધારા કરવા મંજુર. તથા તે માટે ચીફ ઓફિસરશ્રી ને અધિકૃત કરવા બાબત.

(૧૪) ખંભાત નગરપાલિકામાં ઉચ્ચક ફીકસ પગારથી તથા રોંજદારી દરથી કામ કરતાં કર્મચારીઓનો ઠરાવ તારીખ.૩૧–૦૧–૨૦૨૫ ના રોજ પુર્ણ થતો હોવાથી તારીખ.૦૧–૦૨–૨૦૨૫ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૫ સુધી ત્રણ માસ માટે તેઓને ઉચ્ચક ફીકસ પગારથી તથા રોંજદારી દરથી ફરજ પર રાખવા મંજુરી આપવા બાબત.

(૧૫) જર્મની વર્લ્ડ વિઝન વાળા પાસે તારીખ. ૦૧–૧૦–૨૦૨૩ થી તારીખ. ૩૧–૧૦–૨૦૨૪ સુધી ન.પા. ઓફિસ ટી.વી માટેના સેટઅપ બોકસના અને માદળા બાગના ટી.વી. માટેના સેટઅપ બોકસનું બીલ રૂ.૪૨૦૦ × ૨ કુલ બીલ રૂ.૮૪૦૦/– અને જર્મની આઈ નેટવર્કવાળા પાસે તારીખ. ૦૧–૦૬–૨૦૨૪ થી તારીખ.૩૧–૦૫–૨૦૨૫ સુધી નગરપાલિકા ઓફિસમાં ઈન્ટરનેટ માટે તથા સ્થંભતીર્થ ઓફિસ માટે ઈનટરનેટ જીએસટી સહિતનું બીલ રૂ.૨૪૦૦૦/– ખર્ચ મંજુર કરી તેનુ ચુકવણું કરવા બાબત

(૧૬) ખંભાત નગરપાલિકા હસ્તકના શોપીંગ સેન્ટરો ના દુકાન ભાડા ઉપર સરકારશ્રી નો GST વસુલ કરવામાં આવે છે.જે GST સરકારશ્રી માં જમા કરાવીને તેનું રીર્ટન ફાઈલ કરવાના કામે ચાર્ટડ એકાઉન્ટન્ટ પી.જી.ઠકકર એન્ડ કંપની ને રોકેલ તેમનું તા.૦૧–૦૪–૨૦૨૪ થી ૩૦–૦૯–૨૦૨૪ સુધીનું અર્ધવાષિક બીલ રૂ.૧૦૦૦૦/– અંકે રૂપીયા દશહજાર પુરા નો ખર્ચ મંજુર કરી ને તેનું ચુકવણું કરવા બાબત

(૧૭) ખંભાત નગરપાલિકા ના કર્મચારીઓની માંગણી મુજબ તેઓના પ્રોવિડંન્ડ ફંડમાં જમા થયેલ રકમ માથી પ્રોવિડન્ડ ફંડ લોન આપવા બાબત

(૧૮) ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ઠરાવ ક્રમાંક : નપમ/૧૨૨૦૧૭/ સી.ફા.૨૮/આર તારીખ.૧૮–૧૦–૨૦૧૭ મુજબ ફરજ દરમ્યાન મૃત્યુ પામેલા સફાઈ કામદારના વારસદારને તે જગ્યા ઉપર રહેમરાહે નોકરી રાખવા અંગે આનુસાંગીક કાર્યવાહી કરવા બાબત.

આ ઉપરાંત ચેર માંથી રજુ થાય તે બાબત.

ખંભાત નગરપાલિકા,ખંભાત

<u>તારીખ.૨૮–૦૧–૨૦૨૫</u>

Parmar
પ્રમુખ
ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધઃ– (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારૂ ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦૦ થી ૧૨–૦૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરથી મેળવી શકશો.

Scanned with OKEN Scanner